ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૨૬ ટકા

# સે. ૩માં ટ્રીપલ અકસ્માત : શિક્ષકનું કમકમાટીભર્યું મોત

## બેફામ ગતિએ ઈકો ગાડી લઈને નિકળેલા શખ્સે બાઈકચાલક શિક્ષકને અને બીજી ઈકો ગાડીને ટક્કર મારી : લોકપ્રિય શિક્ષક અમિતસરના મૃત્યુના સમાચારથી વિદ્યાર્થીઓમાં પણ ગમગીની છવાઈ

ગાંધીનગર, તા. ૯

શહેરના સેક્ટર-૩ ખાતે રામેશ્વર મંદિર સામે ચાર રસ્તા પર આજે સવારે જબરદસ્ત ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં શહેરના એક શિક્ષકનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. સે. ૩માં બેફામ ગતિએ નિકળેલી ઈકો કારે એક બાઈક અને બીજી એક ઈકો ગાડીને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલક શિક્ષક અમિતસરનું પ્રાણપંખેરૂ ઊડી ગયુ હતુ. સેક્ટર-૭ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરીને ધરપકડ માટે તજવીજ







શરૂ કરી છે. મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૩-ડી પ્લોટ નં. ૧૧૧૬/૧ ખાતે રહેતા અમિતભાઈ મણીલાલ પંડીત સ્ટેટેસ્ટીક્સ અને એકાઉન્ટ વિષયના શિક્ષક હતા. શાળામાં ખુબ લોકપ્રિય અમિતસર આજે સવારે તેમનું બાઈક નં. જીજે.૧૮.સીજી.૯૭૦૯ લઈને સે. ૩ના રીંગરોડ પરથી પસાર થઈ રહ્યા હતા. બેફામ ગતિએ આવતી ઈકો ગાડી નં. જીજે. ૧૮. એ. એમ. ૨૮૪૮ લઈને નિકળેલ ચાલકે બાઈકને જબરદસ્ત ટક્કર મારતા શિક્ષક ગંભીર રીતે પટકાયા હતા. બાઈકને ટક્કર મારીને આ જ ઈકોના ચાલકે સામેથી આવતી બીજી ઈકો ગાડીને ટક્કર મારી ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. આ ત્રીપલ અકસ્માતમાં બાઈકચાલક શિક્ષક અમિતસરનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. અમિતસરના મૃત્યુના સમાચારથી પરીવારજનો ઉપરાંત વિદ્યાર્થીઓમાં પણ ગમગીની છવાઈ ગઈ હતી. અમિતસરના પિતાનું અગાઉ અવસાન થઈ ગયુ હતુ. તેમને બે સંતાનો ટ્વીન્સ છે. સે. ૭ પોલીસે અકસ્માત સર્જનાર ઈકો કારના ચાલક સામે સે. ૬માં રહેતા હરીશભાઈ કાંતીલાલ મહેતાની ફરિયાદને આધારે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# સાદરાના એનએસએસ સ્વયંસેવકોની ઉમદા કામગીરી

## ત્રણ સ્વયંસેવકોએ ગંભીર ઈજાગ્રસ્ત નીલગાયને સારવાર આપી જીવ બચાવ્યો : સેવાસેતુ કાર્યક્રમમાં યુનિટે ગ્રામજનોની મુશ્કેલીઓ દૂર કરી

ગાંધીનગર, તા. ૯

સાદરા ખાતેની ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના એનએસએસ યુનિટના સ્વયંસેવકો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. એક તરફ ચિલોડા સાદરા માર્ગ પર ગંભીર ઈજા પામેલ નીલગાયને એનએસએસ યુનિટના સ્વયંસેવકો દ્વારા સારવાર આપી તેને જીવતદાન બક્ષવામાં આવ્યુ હતુ તો બીજી તરફ સાદરા ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં પણ સ્વયંસેવકોએ ઉમદા કામગીરી બજાવી હતી.

તાજેતરમાં જ ચિલોડાથી સાદરા તરફ જતા મુખ્ય માર્ગ પર એક નીલગાયને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ અંગે માહિતી પ્રાપ્ત થતા જ સાદરાની ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો ભરત ભનુભાઈ નાવડીયા, વિશાલ મેતીયા અને એરોન ખરાડી ઘટનાસ્થળે ધસી ગયા હતા. તેમણે નીલગાયની પ્રાથમિક સારવાર કરી વન વિભાગની મદદથી ગાંધીનગર ખાતેની પ્રાણીઓ માટેની હોસ્પિટલ સુધી પહોંચાડી હતી. સમયસર સારવાર મળી જતા નીલગાયનો જીવ બચ્યો હતો. એનએસએસના ત્રણેય સ્વયંસેવકોની સંસ્થાના ડીન પ્રો. જમનાદાસ સાવલિયા તથા અન્ય કર્મચારીગણે પ્રસંશા કરી જીવદયાની શ્રેષ્ઠ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સાદરાની ગૂજરાત વિદ્યાપીઠ સંકુલમાં પ્રાકૃતિક વાતાવરણ સાથેનું હરિયાળુ કેમ્પસ હોવાને કારણે અનેકવાર વન્યજીવો જેવા કે ઝેરી-બિનઝેરી સર્પો નીકળે છે. વિદ્યાપીઠ સંકુલ કે સાદરા સહિત આસપાસના રહેણાંક વિસ્તારમાં નીકળતા આ સર્પોને પકડી વન વિભાગમાં પહોંચાડવાથી માંડીને ગાય, કૂતરા, વાંદરા, કબૂતર, કાગડાં જેવા અન્ય પશુ-પંખીઓને ઈજાઓ થાય ત્યારે સારવારની સેવા આ સ્વયંસેવકો દ્વારા નિયમિત આપવામાં આવે છે.

સાદરા ખાતે ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા સેવાસેતુ કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાપીઠના એનએસએસ યુનિટના સ્વયંસેવકોએ લાભાર્થીઓને મદદરૂપ થવાની સેવાઓ પુરી પાડી હતી. સેવાસેતુ કાર્યક્રમમાં સાદરા તથા આસપાસના ગામોના ગ્રામજનો આવકના દાખલા, જાતિના દાખલા, રેશનીંગ કાર્ડ, આધાર કાર્ડ, માતૃત્વ કાર્ડ અને અન્ય વિવિધ પ્રકારના જરૂરી પ્રમાણપત્રો મેળવવા મોટી સંખ્યામાં આવ્યા હતા. આ કાર્યમાં જરૂરી ભરવાના ફોર્મ તથા અન્ય ઔપચારિકતાઓ માટે એનએસએસ સાદરાના સ્વયંસેવકો મદદરૂપ બન્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા કલેક્ટર સતીશ પટેલ તથા વિદ્યાપીઠના ડીન પ્રો. જમનાદાસ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સ્વયંસેવકોને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમમાં એનએસએસના પ્રોગ્રામ ઓફિસર નિરજ સિલાવટ, અધ્યાપકો ડૉ. ઉદાજી પરમાર, ડૉ. અરવિંદ રામી, ક્લાર્ક રમેશભાઈ પટેલ, ભરતભાઈ પટેલની સેવાઓ બદલ અભિનંદન આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સાદરાના સરપંચ રેવાબેન દેસાઈ તથા પંચાયતના સભ્યો વિરમભાઈ રબારી અને અશોકભાઈ રબારી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આઈ લવ માય ગાંધીનગર



**રાજેશકુમાર એસ પટેલ**
**યોગ શિક્ષક**

**ગાંધીનગર ગમે**

પ્રદૂષણમુક્ત વાતાવરણ, ઓછા ટ્રાફિક અને હરિયાળીને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

નિવૃત્તો અહીં વધુ છે, પણ પોતાના કાર્યક્ષેત્રના અનુભવનો લાભ જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાની ઈચ્છાશક્તિ નથી.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

બધી સેવા, સાંસ્કૃતિક સંસ્થા ગમે છે. પુસ્તક પરબ, ગુડાનો સાઈકલ શૅરીંગ પ્રોજેક્ટ, જુસિકાની સેવાકીય પ્રવૃત્તિઓ વધુ ગમે.

**નગરને બહેતર બનાવવા**

દરેક સૅક્ટરના બગીચામાં સિનિયર સિટિઝન સૅન્ટર શરૂ કરવું જોઈએ. અહીં વિવિધ પ્રવૃત્તિઓ થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**નગર માટે હું કરી શકું**

તંદુરસ્ત સમાજના નિર્માણ માટે યોગ, આહાર અને સોશિયલ ઍન્જિનીયરિંગ વિષયના કાર્યક્રમોનું આયોજન કરવા તથા ખોટા રીત-રિવાજો દૂર કરવા જાગૃતિ ફેલાવવા અંગેના કાર્યક્રમો યોજવા, આવા કાર્યક્રમોમાં સહકાર આપવા હું તત્પર છું.

## ગુજરાતી દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય સમાજ દ્વારા નવચંડી યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગુજરાતી દં.વિ.જન. (મોચી) સમાજ સમુહલગ્ન અને સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૨-૨-૨૦૧૭ના રોજ નવ નિર્મિત ઓફીસ-૧૩-૧૪, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વાગત સીટી મોલ, પેટ્રોલ પંપ સામે અડાલજ મુકામે સવારે ૮.૦૦થી બપોરના ૨.૦૦ સુધી નવચંડી હવનનું આયોજન કરેલ છે. આ ધાર્મિક પ્રસંગે સમાજના આશરે પાંચ હજારથી વધુ લોકો દર્શનનો લાભ લેવા ઉપસ્થિત રહેશે. તેમ સંસ્થાના મંત્રી કનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

## સમર્પણ આટ્ર્સ-કૉમર્સ કૉલેજનું ગૌરવ



ગાંધીનગર, તા. ૯

નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિને યોજાયેલ પરેડની ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ ધવલ બરંડા અને ક્રાંતિ ધૂંખએ ગુજરાતના "સ્કીલ ડેવલપમેન્ટ ટેબ્લો"માં પ્રતિનિધિત્વ કર્યું હતું. આ પરેડમાં ગુજરાતનો ટેબ્લો રાજ્યની ભાતીગળ સંસ્કૃતિનો પરિચય આપી રહ્યો હતો. જે યુનિટ દેશભરના ટેબ્લોમાં પ્રથમ સ્થાને રહ્યું હતું. સમર્પણ કોલેજના આ બંને વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ સંસ્થાના ફિઝીકલ ડાયરેક્ટર પ્રા. મહેન્દ્ર મોડિયાની જહેમત રહી હતી. ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાએ બંને વિદ્યાર્થીઓ તથા ફિઝિકલ ડાયરેક્ટરને અભિનંદન પાઠવ્યા હતા.

# દલિતસેના દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

## ૧૧મી ફેબ્રુઆરીને શનિવારે સવારે ૧૦થી ૧૨.૩૦ દરમિયાન પેથાપુર સરકારી હૉસ્પિટલ ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા વિનામૂલ્યે આંખ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ તા. ૧૧ ફેબ્રુઆરી, શનિવારના સવારે ૧૦ થી ૧૨.૩૦ના સમયગાળામાં યોજાશે. આ કાર્યક્રમનું પેથાપુર સરકારી હોસ્પિટલ ખાતે ઉદ્ઘાટન કરવામાં આવશે. જયાં નગરપાલિકા પ્રમુખ પેથાપુરના રણજીતસિંહ આર. વાઘેલા, ચેરમેન સા. સામાજિક ન્યાય સમિતિ જિલ્લા પંચાયત એલ.એન. પરમાર, કોર્પોરેટર પેથાપુર મૂળચંદભાઈ કે. રાઠોડ, આંખના સ્પેશ્યાલીસ્ટ ડૉ. તેજલ દલાલ, એલઆઈસી મેનેજર, ગાંધીનગર બ્રાન્ટ ટી.બી. વેન, મેડિકલ ઓફિસર પ્રા. આરોગ્ય કેન્દ્ર ડૉ. બીનાબેન પટેલ, ગુ. પ્રદેશ પ્રમુખ દલીત સેના, ડાહ્યાભાઈ બી. પરમાર, પ્રમુખ ગુરૂકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ આજોલ-કલોલ ડૉ. ધીરજ રોહિત, પ્રમુખ લોકજાગૃતિ ફાઉન્ડેશન ગાંધીનગર રમેશભાઈ એમ. વાણીયા, વોઈસ ઓફ ગાંધીનગર બાબુભાઈ એચ. મેસરવાલા વગેરે ઉપસ્થિત રહેશે.

ડૉક્ટર તથા તેમની ટીમ દ્વારા સેવા બજાવવામાં આવશે. જિલ્લા પ્રમુખ ગાંધીનગર બાબુભાઈ એસ. મેસરવાલા અને ઉપપ્રમુખ દાનાભાઈ કે. મિસ્ત્રીએ જાહેર જનતાને લાભ લેવા જણાવેલ છે.

## શહેરમાં ૧૩મીએ ડાક અદાલત

ગાંધીનગર, તા. ૯

આગામી તા. ૧૩મી ફેબ્રુઆરીએ શહેરમાં ડાક અદાલત યોજાનાર છે. ગાંધીનગર જેવા કર્મચારીનગરમાં જ્યાં મોટી સંખ્યામાં પેન્શનર્સ માટે પોસ્ટ ઓફિસની સેવાઓ ખૂબજ મહત્વની અને આવશ્યક છે ત્યારે ટપાલખાતાની કથળતી સેવાઓ બાબતે ડાક અદાલતમાં વારંવાર ફરિયાદો ઉઠી રહી છે. આ બાબતે સે. ૨૨ના એક અગ્રણી નાગરીક હર્ષદકુમાર ગાંધી દ્વારા સુપ્રિટેન્ડન્ટને કેટલાક મહત્વના સૂચનો ડાક અદાલતની કાર્યદક્ષતા વધારવા કર્યા છે.

પોસ્ટ ઓફિસના ગ્રાહકોમાં સિનીયર સીટીઝન્સની સંખ્યા મોટા પ્રમાણમાં છે. શહેરના વરિષ્ઠ નાગરિકોને તેમની થાપણો પર ત્રિમાસિક મળતી વ્યાજની રકમ કે પેન્શનની રકમ ઉપાડવા પોસ્ટ ઓફિસની મુલાકાત લેવી પડે છે તેમાં ઘણીવાર ધરમધક્કા પડે છે. જો પોસ્ટ ઓફિસમાં આવા નિયત દિવસો દરમ્યાન પેમેન્ટ કાઉન્ટરની સગવડ વધારાય તો તે સમસ્યાનું નિરાકરણ થઈ શકે. વળી, આ સાથે ટોકન સીસ્ટમ દાખલ કરાય તો લાંબી લાઈનોમાં થાકવાની અને વારંવાર ઉભી થતી ચડભડ વગેરેમાંથી પણ છુટકારો મળી શકે. આજના અત્યાધુનિક ટેકનોલોજીના જમાનામાં બેંકની સમકક્ષ સેવાઓ આપવા પાસબુક પ્રિન્ટર વસાવી પાસબુકને પ્રિન્ટ કરી આપવાની સવલત પણ પોસ્ટ ઓફિસમાં ઉભી કરવી જોઈએ. જેથી ગ્રાહકનો સમય અને ધક્કા બચી શકે. પોસ્ટ ઓફિસ દ્વારા એટીએમ મશીનની સગવડ પણ વધારવી આવશ્યક છે. યોગ્ય સ્થળે એટીએમ મશીન મુકાય તો તે વધુ આવકારદાયક સાબિત થાય.

પોસ્ટના બાંધી મુદતની થાપણના વ્યાજ બાબતે પણ ગ્રાહકોને ઘણી મુશ્કેલીઓ નડે છે. જો વ્યાજ ગ્રાહકના બચત ખાતામાં જમા કરવાની સગવડ અપાય તેમજ વ્યાજની રકમ એક સામટી દર્શાવાને બદલે એન્ટ્રી મુજબ જ પાસબુકમાં દર્શાવાય તો ગણતરીમાં પણ સરળતા રહે. આ સાથે પોસ્ટ ઓફિસની ડાક અદાલત શહેરના અગ્રણી નાગરિકો જેવા કે મેયર, ધારાસભ્ય, કલેક્ટર કે હેડ પોસ્ટ ઓફિસના ઉચ્ચ સત્તાધીશોની અધ્યક્ષતામાં યોજાય તો વધુ પ્રજાલક્ષી બની શકે છે. આ સાથે ડાક અદાલતનો સમય પણ સવારના ૧૧ વાગ્યાના બદલે બપોરે ત્રણ કે ચાર વાગ્યાનો કરાય તો વધુ ગ્રાહકો તેનો લાભ ઉઠાવી શકે.

## રવિવારે સર્જકની કેફીયત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સર્જકની કેફીયત કાર્યક્રમ તા. ૧૨-૨-૧૭ના રવિવારે સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ સેક્ટર-૨૧ ખાતે યોજાશે. ગાંધીનગરના પુરસ્કૃત સાહિત્યકાર પ્રવીણ ગઢવી નિવૃત્ત આઈ.એ.એસ.ના દસમાં કાવ્ય સંગ્રહ "ન સાંભળે કોઈ" તેઓની સર્જન યાત્રા અને સ્વમુખે કાવ્ય પઠનનો સાહિત્યિક કાર્યક્રમ ભરત કવિના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ કાર્યક્રમમાં અને સાહિત્ય સભાના સભ્યોનો ભાવભર્યુ હાર્દિક નિમંત્રણ છે.

## રેશનલ સમાજની બેઠક ૧૧મીએ

ગાંધીનગર, તા. ૯

રેશનલ સમાજ, ગાંધીનગરની માસિક બેઠક આગામી તારીખ ૧૧-૨-૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે મળશે. તો સર્વે સભાસદ મિત્રોએ સમયસર બેઠકમાં ઉપસ્થિત રહેવા મંત્રી પંકજ પટેલે અનુરોધ કર્યો છે.

# સે. ૧૧માં ફૂટપાથ પર દબાણ શાખાનો સપાટો

## આડેધડ અડચણરૂપ ઉભા કરી દેવાયેલા લારી-ગલ્લાઓ હટાવ્યા હવે લારી-ગલ્લા ફૂટપાથ પર મુકાશે તો જપ્ત કરી લેવાશે





ગાંધીનગર, તા. ૯

શહેરના સેક્ટર-૧૧ ખાતે કોમર્શીયલ કોમ્પલેક્ષની બહાર ફૂટપાથ ઉપર લારી-ગલ્લાઓ એ હદે નડતરરૂપ હોય છે કે ફૂટપાથનો હેતુ જ સર થતો નથી. તે ઉપરાંત આ દબાણોને પગલે ટ્રાફીક જામની સ્થિતિ પણ છાશવારે થતી હોવાની ફરિયાદો મળતા ગાંધીનગર મહાનગરપાલિકાની દબાણ શાખાએ આજે સે. ૧૧માં દબાણ ડ્રાઈવ રાખીને સપાટો બોલાવ્યો છે.

મહાનગરપાલિકાના દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમ દ્વારા આજે સેક્ટર-૧૧ કોમર્શીયલ કોમ્પલેક્ષો બહાર ફૂટપાથો ઉપર જામી ગયેલા દબાણો હટાવવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ફૂટપાથને ચાઉ કરી દેનાર લારી-ગલ્લા ધારકોને પગલે ટ્રાફીકની પણ ભયંકર સમસ્યા સર્જાય છે. અનેક ફરીયાદો મળતા દબાણ શાખાએ આજે સપાટો બોલાવીને તમામ અડચણરૂપ લારી-ગલ્લાઓ હટાવી દેવા કાર્યવાહી કરી હતી. તે ઉપરાંત કડક સુચના આપી દેવામાં આવી છે કે હવે આ સ્થળે દબાણ કરનાર વેપારીની લારી કે ગલ્લો જપ્ત કરી લેવામાં આવશે.

દબાણ શાખાની લાલ આંખને પગલે દબાણ કરનાર વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## @ગાંધીનગર

- રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો રાધેશ્યામ પ્લોટ નં. ૧૮૧/૧ સે. ૨૬ કિસાનનગર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- પરેશભાઈ દ્વારા આનંદનો ગરબો અંબાજી મંદિર સે. ૨૪ આજે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.
- સમસ્ત બ્રહ્મ પરિવાર દ્વારા સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે મ્યુઝીકલ પ્રોગ્રામ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.
- પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા લિંબચ ધામ સેક્ટર-૧૩ ખાતે સાંજે ૬.૪૫ કલાકે મહાઆરતી યોજાશે.
- સંત રોહિદાસજીની જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે શોભાયાત્રા અને રાત્રે ૮.૩૦ કલાકે લોક ડાયરો યોજાશે.

## વાતવાતમાં

- ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષપદેથી યોગેશ ગઢવીની મુદત પુરી થવાથી વિદાય થવા પામી છે. તેમના સ્થાને પંકજ ભટ્ટે અકાદમીના અધ્યક્ષપદનો ચાર્જ સાદગીપૂર્ણ રીતે સંભાળી લીધો હતો.
- સેક્ટર-૩માંથી સેક્ટર-૪ તરફ જવાના માર્ગે બે આખલા ઢીંકે ચઢ્યા હતા જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ ગભરાઈને ઉભા રહી જતા ટોળુ જમા થઈ જવા પામ્યુ હતુ. આ પ્રસંગે તમામ દહેગામમાં રખડતી ગાયના હુમલાથી એક મહિલાના થયેલા કરૂણ મોતને યાદ કરી મનપા પર માછલા ધોયા હતા.
- રાજ્યના મેડીકલમાં અભ્યાસ માટે નીટની પરીક્ષા અપાયા બાદ પણ ગુજકેટ સહિતની ત્રણેક પરીક્ષાઓના અવરોધ રાજ્ય સરકાર દ્વારા દૂર કરાયાં છે. આ જાહેરાતના પગલે શહેરના વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.
- શહેરમાં સતત બદલાતા રહેતા વાતાવરણને કારણે વાઈરલ બિમારીઓનો પ્રભાવ વધ્યો છે. શરદી સળેખમ, તાવ તથા હાથ-પગ-માથાના દુઃખાવા અને શરીરના કળતરના દર્દીઓ શહેરના દવાખાનાઓમાં ભીડ જમાવી રહ્યાં છે.
- ગઈકાલે સાંજે સૅક્ટર-૩માંથી ઘ રોડ જવાના રસ્તા ઉપર ટ્યુશન છૂટવાના સમયે બે છોકરીઓ પર ઈમ્પ્રેશન જમાવવા બાઈક લઈને નીકળેલા બે લબરમૂછિયા કિશોરોએ ઈમ્પ્રેશન જમાવવાને બદલે બગાડી હતી. છોકરીને જોઈને પાવરમાં બાઈક સ્ટાર્ટ કરતાં પાછળ બેઠેલો છોકરો નીચે પટકાયો હતો, જે જોઈને છોકરીઓ હસી પડી હતી અને નીચે પડેલો છોકરો દોડીને પુનઃ બાઈક પર બેસીને ત્યાંથી રવાના થઈ ગયો હતો.

## ચિરવિદાય

- સ્વ. અંકિતાબેન ભરતસિંહ ચૌહાણ, ઉ.વ.૧૫
- સ્વ. મંગુબેન નાથાભાઈ પટેલ, ઉ.વ.૭૬
- સ્વ. ભુલાજી દેવાજી ઠાકોર, ઉ.વ.૭૫
- સ્વ. અમીત મણીલાલ પંડિત, ઉ.વ.૩૩